# પાઉલ અને બાર્નાબાસ નવા વિશ્વાસીઓને નવી મંડળીમાં ઉમેરતા ગયા.

**પ્રાર્થના :** પ્રેમાળ પિતા, અમે તારા પુત્ર ઈસુની વાત કહેવા માટે અન્યો સમક્ષ જઈએ તેની સમજણ આપતા આ શિક્ષમનો કઈ રીતે ઉપયોગ અમારા બાળકો કરી શકે તે માટે મને આ શિક્ષણનો ઉપયોગ કરવા માટે ની સમજણ આપ તેવી વિનંતી કરીએ છીએ.

બાળકોની ઉંમર અને જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને પ્રવૃત્તિઓની પસંદગી કરો.

**૧. પાઉલ અને બાર્નાબાસ વિશેનું શિક્ષણ આપવાને માટે તૈયારી કરો.**

મહેરબાની કરીને પ્રે.કૃ. ૧૪ માં અધ્યાય વાંચો અને તેની પરથી પાઉલ અને બાર્નાબાસે નવી મંડળીની શરૂઆત કેવી રીતે કરી તેની સમજણ આપો.



અંત્યોખના વિશ્વાસીઓએ પાઉલ અને બાર્નાબાસને અન્ય સ્થળે નવા કાર્ય કરવા કેવી રીતે અલગ કર્યા તે બાબતનું વર્ણન તમને પ્રે.કૃ ૧૩ :૧ થી ૩ માં મળશે.

(૧) ક્યા શહેરની મંડળીએ પાઉલ અને બાર્નાબાસને નવા સ્થળે ઈસુની સુવાર્તાના કામ માટે માકેલ્યા ?

(૨) પવિત્ર આત્માએ અંત્યોખના વિશ્વાસીઓને શુ કરવા ની આજ્ઞા આપી ?

(જવાબ :

(૧) અંત્યોખ શહેર ''આજના સમયમાં તે વિસ્તાર તુર્કી દેશમાં આવેલ છે.''

(૨) પવિત્ર આત્માએ વિશ્વાસીઓને જણાવ્યુ કે પાઉલ અને બાર્નાબાસને મેં બોલાવ્યા છે અને પસંદ કર્યા છે અને તેઓ ઈસુની સુવાર્તાપ્રચાર જે લોકોએ ક્યારેય સાંભળ્યા નથી તેઓની આગળ પ્રસિદ્ધ કરે તેના માટે પસંદ કર્યા છે.

પ્રે.કૃ. ૧૪ : ૮ થી ૨૩ માં તમને લુસ્રામાં કઈ બાબતો બની તે મળશે.

(૧) લોકોને આશ્ચર્ય પમાડે તેવું શું બન્યું ?

(૨) પાઉલ અને બાર્નાબાસના કાર્ય પરથી લુસ્રાના લાકો ને પ્રથમ દષ્ટીએ ક્યો વિચાર ઉદ્ભવ્યો ?

(૩) પાઉલ અને બાર્નાબાસે લોકો તેમને મહીમા ન આપે તે માટે શું કર્યુ ?

(૪) અન્ય શહેરોમાંથી લોકો એ આવીને ઉશ્કેરણી કર્યા પછી ટોળાએ પાઉલની સાથે કેવું વર્તન કર્યુ ?

(૫) શું પાઉલ અને બાર્નાબાસ ઈસુ વિષે કહેવાને માટે આગળ વધ્યા કે ત્યાંથી ચાલ્યા ગયા ?

(૬) શિષ્યો મધ્યે આગેવાની આપનાર હોવા જોઈએ તે બાબતને ધ્યાનમાં લઈ પાઉલ અને બાર્નાબાસે તેઓની

મધ્યેથી વિદાય લેતા પહેલા શું કર્યું ?

(જવાબો)

(૧) પાઉલે જોયું કે પાંગળા માણસને સાજા થવાનો વિશ્વાસ છે અને દેવે તે માણસને સાજો કર્યો.

(૨) તેઓએ ધાર્યું કે બાર્નાબાસ વિદેશીઓનો એક દેવ ઝુસ અને પાઉલ વિદેશી દેવ હેર્મેસ હતો.

(૩) તેઓએ લોકોને સમજાવ્યું કે તેઓ માણસ માત્ર છે અને દેવ નથી પણ તેઓ એકમાત્ર સાચા દેવની સેવા કરે છે.

(૪) તેઓએ પાઉલને પથ્થરોનો માર માર્યો અને તે મરી ગયો છે તેવું ધારીને તેને ઘસડીને શહેર બહાર લઈ ગયા.

(૫) પાઉલ અને બાર્નાબાસ લોકોને ઈસુ વિષે કહેવાનું ચાલુ રાખ્યું.

(૬) દરેક નવી શરૂ થયેલી મંડળીઓ ઉપર પ્રેરિતોએ વડીલો ઠરાવ્યા.

એક શિક્ષક અથવા મોટો બાળકા, પાઉલ અને બાર્નાબાસે લુસ્ત્રા શહેરમાં પાંગળા માણસને સાજો કર્યો તે વાર્તા તેમજ ત્યાર પછીના બનાવો કહી જાય. (પ્રેકૃ. ૧૪ :૮-૨૩)

બાળકોને વાર્તાને લગતા પ્રશ્નો ભાગ-૧ પ્રમાણે પૂછો.

પ્રેકૃ. ૧૪ :૮-૨૩ મુજબ પાઉલ અને બાર્નાબાસના કાર્યનું નાટયકરણ કરો. મુખ્ય ભજનેસવા વખતે તે રજૂ કરો. તમે આ નાટકના બધા ભાગ અથવા કેટલાક પસંદ કરી શકો. માટે બાળકો નાના બાળકોને નાટકની તૈયારીમાં મદદ કરે.

- મોટા બાળકો **પાઉલ, પાંગળો માણસ** અને **ઉદ્‌ઘોષક**ના પાત્રો ભજવે.
- નાના બાળકો **બાર્નાબાસ, લોક સમુદાય** અને **પથ્થરો ફેંકનારા** ના પાત્રો ભજવે.

ઉદ્‌ઘોષક : કલમ ૮ અને ૯ વાંચે.

પાઉલ અને બાર્નાબાસ : ચાલતા ચાલતા પાંગળા માણસ પાસે આવે.

પાઉલ : ઈસુના નામાં સાજો થા.

પાગંળો માણસ : કુદીને ઊભો થાય અને ચાલવા માંડ. તે બૂમ પાડે, હું સાજો થઈ ગયો !

લોક ટોળું : માથા નમાવીને બૂમો પાડે ‘આકાશમાંથી દેવો માણસરૂપે ઉતરી આવ્યા છે !’ તેઓ ઝુસ અને હેર્મેસ દેવતા છે !” ‘એક બળદ અને ફુલહાર લાવીને બલિદાન ચઢાવો.’

પાઉલ : કલમ ૧૫ વાંચી જાય

ઉદ્‌ઘોષક : કલમ ૧૮ અને ૧૯ વાંચે

પથ્થર ફેકનારાઓ : પાઉલ અને બાર્નાબાસને નિશાન બનાવીને ગુસ્સાભેર બૂમો પાડે, ‘આ માણસો, પાઉલ અને બાર્નાબાસ આપણને છેતરવા આવ્યા છે’ ‘તેઓ ભૂતોની શક્તિથી આ બધું કરે છે’ ‘તેઓ તમારું મંદિર અને સંસ્કૃતિનો નાશ કરી નાખશે.’

તેઓ પાઉલ સામે પથ્થરો નાખવાને અભિનય કરે. પાઉલ પડી જાય.

ઉદ્‌ઘોષક : કલમ ૨૦ થી ૨૩ વાંચે અને નાટકમાં ભાગ લેનારાઓનો આભાર માને.

જો બાળકોએ આ નાટક મોટાઓ માટે કર્યું હોય તો તેઓને પ્રેકૃ. ૧૪ વિષેના ઉપર મુજબના પ્રશ્નો પૂછવા દો.

વાવનાર ખેડૂતનું દૃષ્ટાંત **માર્ક ૪ :૧-૨૦** પ્રમાણે રસ પડે તે રીતે કરી બતાવો.

- દરેક બાળકોને ચોખાના દાણા હથેળીમાં આપો અથવા તમારા હાથમાં દાણા રાખીને તેમને ફકત બતાવો.
- માણસો જ્યારે ખ્રિસ્તનો સ્વીકાર કરે છે ત્યારે દેવનું રાજ્ય વૃદ્ધિ પામે છે. તે સમજાવવા ઈસુને આ દાણાનો

ઉપયોગ કર્યો તે સમજાવો. ઈસુએ કહ્યું કે જો આપણે સારી ભૂમિમાં દાણા વાવીએ તો તે ઉગશે અને પુષ્કળતાથી વધશે.

- સારી અને ખરાબ ભૂમિ શું છે તે સમજાવો.
- જ્યારે પાઉલ અને બાર્નાબાસ લુસ્ત્રા ગયા ત્યારે તેમણે દેવનું રાજ્યનું બી ત્યાં વાવ્યું. ત્યાં નવી મંડળી ઊભી થઈ અને તેમણે બીજે દેવના વચનરૂપી બી વાવ્યાં.

ચાર બાળકો યશા. ૪૨ :૧,૪,૬,અને ૭ બોલી જાય.

પ્રેકૃ. ૧ : ૮ **મુખપાઠ કરો.**

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, બીજાઓને સુવાર્તા આપવા માટે અમને પાઉલ અને બાર્નાબાસ જેવા વિશ્વાસુ અને હિંમતવાન બનાવો. બીજી જગ્યાના લોકો ખ્રિસ્તને ઓળખે અને તેના શરીરના ભાગ બને તેવું થવા દો.

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.